Letter No: TDD/0084/08/2024 Dt: 20-08-2024

આદિજાતિ વિકાસ વિભાગ

હુકમ ક્રમાંક: TDD/PNS/e-file/25/2024/0054/K

સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા:**

(૧) અત્રેનો તા.૦૮/૦૮/૨૦૧૨નો હુકમ ક્રમાંક : મકમ/૧૦૨૦૧૨/૮૮૭/ક

(૨) અત્રેનો તા.૧૧/૦૯/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક : મકમ/૧૦૨૦૧૨/૮૮૭/ક

(3) ત્રીજા અધિક સેશન્સ જજ(એડહોક), ગાંધીનગર, કોર્ટનો સેશન્સ કેસ નં.૭૮/૨૦૧૨ માં તા.૧૫/૦૪/૨૦૧૯નાં રોજ કરેલ હુકમ.

(૪) નામદાર હાઇકોર્ટમાં ફરીયાદપક્ષે R/ક્રિમિનલ સી.એ. એપ્લિકેશન નં.૧૩૮૨૪/૨૦૧૯ થી કરેલ અપીલમાં નામદાર હાઇકોર્ટએ તા.૨૦/૦૧/૨૦૨૦નાં રોજ આપેલ ચુકાદો

(૫) શ્રી અશોકભાઇ આર. જેઠવા, તત્કાલીન સેક્શન અધિકારીની (હાલ વય નિવૃત) તા.૨૫/૦૧/૨૦૨૪ની રજુઆત

(૬) અત્રેનો તા.૨૬/૧૦/૨૦૧૫નો હુકમ ક્રમાંક:પનશ-૧૦૨૦૧૩-૧૬-ક

(૭) કાયદા વિભાગનો તા.૧૯/૦૭/૨૦૨૪નો પત્ર ક્રમાંક-ક્રીમી/મીસે/૩૧/૨૦૨૪/૩૨૫૮/બ

**હુકમ:**

૨. શ્રી અશોકભાઇ આર. જેઠવા, તત્કાલીન સેક્શન અધિકારી (હાલ વય નિવૃત) જયારે આ વિભાગ ખાતે સેક્શન અધિકારી તરીકે ફરજો બજાવતાં હતા તે દરમ્યાન કૌટુંબિક કારણોસર તેઓ સામે ઇ.પી.કો.ક. ૩૦૬, ૧૧૪ અન્વયે ગુનાના આરોપસાર તા.૦૭/૦૬/૨૦૧૨નાં રોજ ૨૦.૩૦ કલાકે અટકમાં લઈ કોર્ટ કસ્ટડીમાં મોકલી આપવામાં આવતાં આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના તા.૦૮/૦૮/૨૦૧૨નાં હુકમથી ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ના નિયમ –(૫)(૨)(ક) ની જોગવાઇ હેઠળ શ્રી અશોક આર. જેઠવાને તા.૦૭/૦૬/૨૦૧૨નાં ૨૦.૩૦ કલાકથી ફરજ મોકુફી હેઠળ મૂકવામાં આવેલ હતા.

વંચાણે લીધેલ ક્રમ (૨) પરના તા.૧૧/૦૯/૨૦૧૨નાં ઠરાવથી ફરજમોકુફીથી પરત લઈને સરકારશ્રીની સક્રીય સેવામાં પુન: સ્થાપિત કરવામા આવેલ હતા.

૩. શ્રી અશોકભાઇ આર. જેઠવા સામે ઇ.પી.કો.ક. ૩૦૬, ૧૧૪ હેઠળ નોંધાયેલા ગુન્હામાં ત્રીજા અધિક સેશન્સ જજ(એડહોક), ગાંધીનગરનાં વંચાણે લીધેલ ક્રમ (૩) પરના તા.૧૫/૦૪/૨૦૧૯ના હુકમથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.

આ બાબતે, નામદાર હાઇકોર્ટમાં ફરીયાદપક્ષે R/ક્રિમિનલ સી.એ. એપ્લિકેશન નં.૧૩૮૨૪/૨૦૧૯ થી કરેલ અપીલમાં વંચાણે લીધેલ ક્રમ (૪) પરના નામદાર હાઇકોર્ટનાં તા.૨૦/૦૧/૨૦૨૦નાં રોજ આપેલ ચુકાદામાં સેસન કોર્ટ કેસ ૭૮/૨૦૧૨ને યથાવત/માન્ય રાખીને અપીલ રદબાતલ કરેલ હતી.

૪. શ્રી અશોકભાઇ આર. જેઠવા, તત્કાલીન સેક્શન અધિકારીની (હાલ વય નિવૃત) વંચાણે લીધેલ ક્રમ (૫) પરના તા.૨૫/૦૧/૨૦૨૪નાં પત્રથી ફરજમોકુફીનો સમયગાળો વિનિયમિત કરવાની દરખાસ્ત આ વિભાગને મળેલ છે.

૫. આમ, ત્રીજા અધિક સેશન્સ જજ(એડહોક), ગાંધીનગરનાં વંચાણે લીધેલ ક્રમ (૩) પરનાં તા.૧૫/૦૪/૨૦૧૯ના હુકમથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ હોઇ, તથા આ બાબતે, નામદાર હાઇકોર્ટમાં ફરીયાદપક્ષે R/ક્રિમિનલ સી.એ. એપ્લિકેશન નં.૧૩૮૨૪/૨૦૧૯ થી કરેલ અપીલમાં વંચાણે લીધેલ ક્રમ (૪) પરના નામદાર હાઇકોર્ટનાં તા.૨૦/૦૧/૨૦૨૦નાં રોજ આપેલ ચુકાદામાં સેસન કોર્ટ કેસ ૭૮/૨૦૧૨ને યથાવત/માન્ય રાખીને અપીલ રદબાતલ કરેલ હોઇ, તેના પર પુખ્ત વિચારણાના અંતે વંચાણે લીધેલ ક્રમાંક-(૭) પરના કાયદા વિભાગના પત્રથી સક્ષમ સત્તાની મળેલ મંજુરી અન્વયે શ્રી અશોકભાઇ આર. જેઠવા, તત્કાલીન સેક્શન અધિકારીની (હાલ વય નિવૃત)નો તા.૦૭/૦૬/૨૦૧૨ થી તા.૧૦/૦૯/૨૦૧૨ સુધીનો ફરજમોકુફીનો સમયગાળો; ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાનો સમય, રાજ્યેત્તર સેવા, ભારત બહાર પ્રતિનિયુક્તિ, ફરજમોકુફી, બરતરફી અને રુખસદ) નિયમો, ૨૦૦૨નાં નિયમ-૭૦ હેઠળ વિનિયમિત કરવામાં આવે છે અને ફરજમોકુફી દરમ્યાન ચુકવેલ નિર્વાહ ભથ્થુ નિયમ-૭૩ હેઠળ આખરી ચુકવણી સામે સરભર કરવાનું રહેશે.

૬. આ ઉપરાંત, શ્રી અશોકભાઇ આર. જેઠવાનું પેન્શનનું આખરીકરણ કરવાની મંજુરી આપવામાં આવે છે.

૭. વંચાણે લીધેલ ક્રમાંક-(૬) પરના તા.૨૬/૧૦/૨૦૧૫નાં હુકમથી રૂ.૫૦,૦૦૦ની રકમ બાદ કરીને રૂ.૮,૦૨,૬૮૭ની કામચલાઉ ગ્રેજ્યુઇટી ચુકવવામાં આવેલ હોઇ, આખરી ગ્રેજ્યુઇટીની ચુકવણીનો હુકમ નિયામક, પેન્શન અને પ્રોવિડન્ટ તરફથી મંજુર થાય તેમા સરભર કરવાની રહેશે.

(જેકસન હેગન)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

**પ્રતિ,**

શ્રી અશોકભાઇ આર. જેઠવા, તત્કાલીન સેક્શન અધિકારીની (હાલ વય નિવૃત), પ્લોટ નં.૧૨૩૮/૧, સેક્ટર-૨/એ, ગાંધીનગર.

**નકલ રવાના:**

- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરી, 'વીમા અને લેખા ભવન', બ્લોક નં- ૧૮, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર. (રોકડ શાખા મારફત)
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- રોકડ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ખ-૧ શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂ.
- સિલેક્ટ ફાઇલ/મહેકમ વિષયક સિલેક્ટ ફાઇલ